કિંમત રૂા.................. 079 ફોર્મ નંબર :........................

# ડૉ. એસ. એન્ડ એસ. એસ. ગાંધી કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, ડીપ્લોમા બોયઝ હોસ્ટેલ, મજુરાગેટ, સુરત.

## વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં નવા પ્રવેશ મેળવવાનું અરજી પત્રક

ડિપ્લોમા ઈન : ______________ એનરોલમેન્ટ નંબર : | | | | | | | | | | | | |

આધાર કાર્ડ નંબર : | | | | | | | | | | | | |

(૧) નામ: ________________________________________
(અટક) (નામ) (પિતાનું નામ)

પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ

(૨) પિતા/વાલીનું નામઃ ________________________________________

(૩) પિતા/વાલીનું સરનામું : ________________________________________

________________________________________

________________________________________

વિદ્યાર્થીનો મો. નં. : ______________ પિતા/વાલીનો મોબાઈલ નં. ______________

(૪) કેટેગરી : ______________ (૫) સેમેસ્ટર : ______________ (૬) વર્ષ : ______________

### :: હોસ્ટેલ કાર્યાલયના ઉપયોગ માટે ::

મેરીટ નંબર : ______________ કેટેગરી : ______________

કોલેજ ખાતે ફી ભર્યાની રસીદ નંબર : ______________ તારીખ : ______________

| | વર્ષ | ફી રસીદ નં. | ફી ભર્યાની તા. | ફાળવેલ રૂમ | વિદ્યાર્થીની સહી | રેકટર/વોર્ડનની સહી |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ સેમેસ્ટર | | | | | | |
| બીજુ સેમેસ્ટર | | | | | | |
| ત્રીજુ સેમેસ્ટર | | | | | | |
| ચોથુ સેમેસ્ટર | | | | | | |
| પાંચમું સેમેસ્ટર | | | | | | |
| છઠુ સેમેસ્ટર | | | | | | |
| સાતમું સેમેસ્ટર | | | | | | |

**ઉપરોક્ત અરજદારોને હોસ્ટેલ ખાતે પ્રવેશ આપવામાં આવે છે / આવતો નથી.**

વોર્ડન,

ડૉ. એસ. એન્ડ એસ. એસ. ગાંધી કોલેજ
બોયઝ હોસ્ટેલ, સુરત.

રેકટર,

ડૉ. એસ. એન્ડ એસ. એસ. ગાંધી કોલેજ
બોયઝ હોસ્ટેલ, સુરત.

## ડૉ. એસ. એન્ડ એસ. એસ. ગાંધી કોલેજ, બોયઝ હોસ્ટેલ, મજુરાગેટ, સુરત.

## હોસ્ટેલના નિયમો તથા બાંહેધરી પત્રક

(૧) વિદ્યાર્થીને ફકત એક સત્ર પુરતો જ પ્રવેશ આપવામાં આવેલ છે.

(૨) વિદ્યાર્થીઓએ હોસ્ટેલ ઓળખપત્ર (આઈકાર્ડ) ફરજીયાત હોસ્ટેલ કાર્યાલયમાંથી મેળવી લેવું, અને આચાર્યશ્રી, રેકટરશ્રી, વોર્ડન શ્રી તેમજ અધિકારીશ્રી/કર્મચારી જયારે તેને જોવા માંગે ત્યારે તે બતાવવાનું રહેશે.

(૩) વિદ્યાર્થીઓએ હોસ્ટેલ સ્ટાફ કર્મચારી તથા અધિકારીશ્રીઓ સાથે શિસ્તમાં રહીને વિવેકપૂર્ણ વર્તન કરવું.

(૪) વિદ્યાર્થીઓએ હોસ્ટેલ રૂમમાં રાત્રે ૯-૦૦ વાગ્યા પહેલા ફરજીયાત હાજર થવાનું રહેશે, અન્યથા જવાબદારી જે તે વિદ્યાર્થીની પોતાની રહેશે.

(૫) વિદ્યાર્થીઓએ હોસ્ટેલની સ્વચ્છતાનું પાલન કરવું તથા રૂમમાં કે લોબીમાં તથા કેમ્પસમાં બહારની કે અંદરની દિવાલો પર અન-અધિકૃત રીતે કોઈપણ લખાણ કે પોસ્ટર લગાડવા કે લખાણ કરવું નહીં તેમજ ગમે ત્યાં કચરો કે કાગળો નાંખી હોસ્ટેલમાં ગંદકી કરવી નહીં. હોસ્ટેલ કેમ્પસમાં વાહન પાર્કિંગની જગ્યામાં જ વાહન પાર્કિંગ કરવું ગમેતેમ પાર્કિંગ કરવું નહીં.

(૬) વિદ્યાર્થીઓએ પોતાની રૂમમાં દિવસ કે રાત્રી દરમ્યાન બહારની કોઈ વ્યકિત કે કોલેજના વિદ્યાર્થી કે અન્ય વિદ્યાર્થીને રાખવા નહીં. તેમજ સંજોગોવસાત વાલીઓને રાત્રે રોકાવા માટે રેકટરશ્રી/વોર્ડનશ્રીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

(૭) વિદ્યાર્થીઓને ફાળવવામાં આવેલ હોય તે રૂમમાં જ રહેવાનું રહેશે, હોસ્ટેલા કાર્યાલય કે રેકટરશ્રી/વોર્ડનશ્રીની લેખિતિ પરવાનગી વગર રૂમની હેરફેર કે બદલી કરવી નહીં.

(૮) વિદ્યાર્થીઓ હોસ્ટેલ રૂમમાં ગેરહાજર હોય કે કલાસરૂમમાં ગયા હોય તો રૂમમાં લાઈટ/પંખા બંધ કરી જવું, ઈલેકટ્રીક પાવરનો કરકસર પૂર્વક ઉપયોગ કરવો, તેમજ રૂમને લોક (તાળુ) મારીને જવું, અન્યથા કોઈપણ ચીજવસ્તુ કે સામાન ગુમ થશે તો જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.

(૯) વિદ્યાર્થીઓને ફાળવેલ રૂમનાં પંખા, ટયુબલાઈટ વિગેરે ઈલે. ઉપકરણો તેમજ કબાટ, ટેબલ, ખુરશી, તેમજ પલંગ વિગેરે ફર્નિચરની જવાબદારી જે તે રૂમનાં વિદ્યાર્થીની રહેશે. પરવાનગી વિના રૂમની બહાર કાઢવું નહીં, તેમજ ફેરબદલી કરવી નહીં.

(૧૦)વિદ્યાર્થીઓને ફાળવેલ તેઓના રૂમનું લોક (તાળુ) કોઈપણ સંજોગોમાં તોડવું નહીં, નકુચા, અલડ્રાફટ, બારીબારણા, ફર્નિચર, ઈલેકટ્રીક વાયરીંગ, સ્વીચબોર્ડ તેમજ અન્ય સાધનોને કોઈપણ પ્રકારનું નુકશાન કરવું નહીં, તેમજ સ્ટ્રીટલાઈટ, બારી દરવાજાનાં કાચ ઈલે. ઉપકરણો, ફર્નિચર વિગેરેને નુકશાન થાય તેવા સ્થાને ક્રિકેટ, વોલીબોલ જેવી રમત રમવી નહીં.

(૧૧)વિદ્યાર્થીઓએ હોસ્ટેલ કેમ્પસમાં, બિલ્ડીંગમાં, રૂમોમાં, લોબીમાં, હોલમાં તેમજ બાથરૂમ બ્લોકમાં લાગેલ વોટરકુલર, વોટરગીઝર, પાણીની ટાંકી, વોસબેશીન વિગેરેની જાળવણી કરવી. તેની સાથે કોઈપણ પ્રકારનાં ચેડા કે નુકશાન કરવું નહીં.

(૧૨)વિદ્યાર્થીઓએ હાસ્ટેલ કેમ્પસમાં કે રૂમમાં સીગારેટ/બીડી/પાનમસાલા/ગુટખા/તમાકુ વિગેરે તેમજ નશાકારક પદાર્થોનું સેવન કરવું નહીં કે રાખવા નહીં. અને પાન મસાલા / ગુટખા / તમાકુ / તમાકુ માવાનું સેવન કરી ગમે ત્યાં થૂકીને ગંદકી કરવી નહીં.

(૧૩)વિદ્યાર્થીઓએ હોસ્ટેલનાં રૂમમાં કેરોસીન/ડિઝલ/પેટ્રોલ/ફટાકડા તેમજ દારૂખાનું જેવા વિસ્ફોટક કે જવલંતશીલ પદાર્થો રાખવા નહીં.

(૧૪)વિદ્યાર્થીઓએ હોસ્ટેલમાં ઈલેકટ્રીક સગડી/પાણી ગરમ કરવાની સ્પ્રિંગ કે હીટર/ટેપ રેકોર્ડર/રેડીયો જેવા ઘોંઘાટ કે અવાજ થાય તેવા તેમજ શોર્ટસર્કીટ થાય તેવા કોઈ ઉપકરણો રાખવા નહીં.

(૧૫)વિદ્યાર્થીઓ માટે કોલેજ કેમ્પસની અન્ય હોસ્ટેલમાં જમવા માટે મેસ(રસોડા)ની સગવડ છે, જેથી બહારથી ટિફિન મંગાવવા નહીં, તેમજ રૂમમાં કોઈપણ પ્રકારની રસોઈ બનાવવી નહીં.

(૧૬)વિદ્યાર્થીઓએ હોસ્ટેલમાં ઈલેકટ્રોનિક ઉપકરણો જેવા કે કોમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ, મોબાઈલ તેમજ આઈપેડ વિગેરે રાખવા નહીં, અન્યથા રાખશે તો જવાબદારી જે તે વિદ્યાર્થીની પોતાની રહેશે.

(૧૭)વિદ્યાર્થી બીજા અન્ય સત્રમાં ડિટેન થયેલ હોય તેમજ હોસ્ટેલમાં, કોલેજમાં શિસ્તભંગ કરનાર તેમજ હોસ્ટેલનાં નિતિ-નિયમોનું ઉલ્લંઘન કરનાર વિદ્યાર્થી હોસ્ટેલમાં પ્રવેશને લાયક ગણાશે નહીં.

(૧૮)વિદ્યાર્થી કોલેજ ખાતે ડિટેન થાય તો તેણે ફાળવેલ રૂમનો કબજો તાત્કાલિક હોસ્ટેલ કાર્યાલયને સુપ્રત કરવાનો રહેશે, અગાઉ ડિટેન થયેલ વિદ્યાર્થીને હોસ્ટેલ રૂમમાં ખાલી હશે તો જ પુનઃપ્રવેશ આપવામાં આવશે.

(૧૯)વિદ્યાર્થીને હોસ્ટેલપ્રવેશ ડીપ્લોમા અભ્યાસક્રમના નિયમ મુજબ અભ્યાસક્રમનાં લઘુત્તમ સમય મર્યાદા પુરતો જ સીમીત છે, જેથી અંતિમ સેમેસ્ટરનાં વિદ્યાર્થીએ પ્રેકટીકલ પરીક્ષાના અંતિમ દિવસે હોસ્ટેલ રૂમનો કબજો કાર્યાલયને લેખિત સુપ્રત કરવાનો રહેશે, અન્યથા ડિપોઝીટ જમા લઈ આગળ કાર્યવાહી કરવામાં આવશે.

(૨૦)વિદ્યાર્થીઓએ હોસ્ટેલના નિતિ-નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે, નિતિ-નિયમોનું ઉલ્લંઘન કરનાર હોસ્ટેલ પ્રવેશને લાયક રહેશે નહિ, હોસ્ટેલનાં નિયમો મુજબ નકકી થયેલ નાણાં પ્રમાણે દંડ વસુલવામાં આવશે, અને ગંભીર પ્રકારનાં ગુનો હશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની દરેક વિદ્યાર્થીએ ખાસ નોંધ લેવી.

રેકટરશ્રી/આચાર્યશ્રીના હુકમથી

---

ઉપરોકત દર્શાવેલ હોસ્ટેલના તમામ નિયમો મેં તેમજ મારા વાલીએ વાંચ્યા છે તથા તેનું દયાનથી પાલન કરવાની / કરાવવાની હું ખાત્રી આપું છું. સદર નિયમોનો ભંગ થતા શિસ્તભંગના જે પગલાં મારી સામે લેવાશે તે મને કબુલ મંજુર છે.

તારીખ : ____________________ વિદ્યાર્થીની સહી ____________________ વાલીની સહી ____________________

### :: ફોર્મ સાથે જોડવાનું બિડાણ ::

(૧) પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ નંગ-૨ (તાજેતરનો)

(૨) જાતિ અંગેનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો)

(૩) એડમીશન લેટર/સીટ એલોટમેન્ટની લેટરની ઝેરોક્ષ નકલ

(૪) કોલેજ ખાતે પ્રથમ ફી ભર્યાની રસીદની ઝેરોક્ષ નકલ

(૫) આધારકાર્ડની ઝેરોક્ષ નકલ (વિદ્યાર્થીના)

(૬) વેક્સીનેશન સર્ટીફીકેટની નકલ.